# શામળાજી નજીક કારમાંથી ૧ ૨ કિલો ચરસ સાથે બે ને દબોચ્યા

શામળાજી, તા. ૩

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓએ બાતમીના આધારે શામળાજી નજીકથી બાતમીના આધારે કારની ડેકીના પટ્ટાઓમાં



છુપાડીને ઘુસાડેલો અંદાજે દોઢ કરોડથી વધુના મુલ્યનું ૧ ૨ કિલો ચરસનો જંગી જથ્થો જપ્ત કરી મુસ્તાક અને જાહિદ નામના બે ડ્રગ માફિયાઓને દબોચી લીધા હતા. શામળાજી-રતનપુર ચેકપોસ્ટ મારફતે રાજ્યમાં આટલી મોટી માત્રામાં નશીલો પદાર્થ ઘુસાડવાની પેરવી કરનાર ઘટનાનો પર્દાફાશ કરવાની સાથે ચોકી ઉઠ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે અમદાવાદ-ઉદેપુર ને.હા. ૪૮ પર આવેલ શામળાજી આશ્રમ ચોકડી નજીકથી બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતી ચંદીગઢ પાસિંગની કાર (ગાડી.નં. -સીએચ.૦૧.બીએફ ૯૪૬૬)માં ડેકીના પટ્ટાઓમાં છુપાવીને કાગળના બંડલમાં ઘુસાડાતા ૧ ૨ કિલો ચરસના જથ્થા સાથે મુસ્તાક અને જાહિદ નામના બંને શખ્સોની ધરપકડ કરી બંને શખ્સોની તલાસી લેવાની સાથે કરોડો રૂપિયાનો ચરસનો જથ્થો મંગાવનાર સૂત્રધારની ઓળખ મેળવવાની સાથે શોધખોળ હાથ ધરી હતી.

રાજસ્થાનમાંથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રતનપુર-શામળાજી માર્ગે હેરાફેરી કરવામાં આવે છે. બુટલેગરો માટે સેફ હેવન ગણાતા આ માર્ગ પરથી હવે નશીલા પદાર્થો ઘુસાડવામાં આવી રહ્યા છે. ૨ ઓગસ્ટ-૨૦૧૮માં પણ એનસીબીની ટીમે ત્રાટકી શામળાજી નજીકથી કારમાં ૨ કરોડનું ૧૩.૫ કિલો ચરસના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી હતી. શામળાજી-રતનપુર રોડ મારફતે યુવાધનને નશાના રવાડે ચઢાવતા અને બરબાદીના પંથે ધકેલાતા માદક પદાર્થો જેવાકે હેરોઈન, ચરસ, ગાંજો, પોષ ડોડા ઘુસાડવા પણ ઉપયોગમાં લેવાતા નાર્કોટિક્સતંત્રના અધિકારીઓ પણ ચોકી ઉઠ્યા હતા. બંને શખ્સોને ભિલોડા કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

# મંગળવારે કમળાબા હોલ ખાતે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના કાર્યક્રમ યોજાશે

ભારત સરકાર દ્વારા અંસગઠીત ક્ષેત્ર સાથે સંકળાયેલા ૧૮થી ૪૦ વર્ષના શ્રમયોગીઓ જેમની આવક રૂ.૧૫ હજાર કે તેથી ઓછી હોય તેવા તમામ શ્રમયોગીઓ માટે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન પેન્શન યોજના શરૂ કરેલ છે. મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના કાર્યક્રમ ૫ માર્ચ ૨૦૧૯ને મંગળવારના રોજ કમળાબા હોલ, સાર્વજનિક વિદ્યાલય ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર છે. જેમાં શ્રમયોગીઓ ઉપસ્થિત રહેનાર છે.

# બાયડની બોરલ ગામની ૨૫ વર્ષીય સગર્ભા મહિલાનું સ્વાઈનફ્લુથી અમદાવાદ સિવિલમાં મોતથી ચકચાર

બાયડ, તા. ૩

અરવલ્લી જીલ્લાના પ્રજાજનો મિશ્ર ઋતુમાં બીમારીમાં સતત પટકાતા ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સ્વાઈનફ્લુ સહીત વાઈરલ બીમારીના અજગરી ભરડામાં સપડાતા વાઈરલ અને મચ્છરજન્ય બીમારીમાં જીલ્લા આરોગ્યતંત્રની ઘોર બેદરકારી બહાર આવી રહી છે. જીલ્લામાં સર્વેની કામગીરી કાગળ પર હોય તેવો અહેસાસ જીલ્લાના પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લામાં ૩ સ્વાઈનફ્લુથી મોત અને ૭૫ અધધ કેસથી ભયના ઓથાર નીચે પ્રજાજનો જીવી રહ્યા છે.

બાયડ તાલુકાના બોરલ ગામની સગર્ભા મહિલા પ્રસૂતાના અંતિમ દિવસોમાં સ્વાઈનફ્લૂની ઝપેટમાં સપડાતા બાયડની ખાનગી હોસ્પિટલમાં તબીબે સઘન સારવાર હાથ ધરી હતી. મહિલાના ગર્ભમાં રહેલા બાળકનું મોત નિપજતા અને મહિલાની તબિયત લથડતા મહિલાને પરિવારજનોએ તાબડતોડ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા રવિવારે સવારે મહિલાને પણ સ્વાઈનફ્લુ ભરખી જતા પરિવારજનો સહીત જીલ્લાવાસીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા "ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા" મારવા જેવી કામગીરી કરી મહિલાના પરિવારજનો-અસરગ્રસ્ત વિસ્તારમાં જરૂરી સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. અરવલ્લી જીલ્લામાં ૩ લોકોને સ્વાઈનફ્લુ ભરખી જતા અને ૪૮ કલાકમાં ૪ પોઝેટીવ કેસ સાથે ૧૫થી વધુ સ્વાઈનફ્લુ નામની બીમારીની અસર જણાતા જીલ્લામાં સ્વાઈનફ્લુ નામની બીમારી તાંડવ મચાવે તે પહેલા જીલ્લા આરોગ્ય વિભાગ સફાળું જાગે તે ખુબ જરૂરી બની રહ્યું છે.

અરવલ્લી જીલ્લા મોડાસા શહેરમાં સ્વાઈનફ્લુ સહીત તાવ, શરદી, ખાંસી અને ટાઈફોઈડ સહિતની બીમારીઓમાં સપડાતા પ્રજાજનોમાં હાહાકાર મચ્યો છે. થોડા દિવસોમાં જ અરવલ્લી જીલ્લાના પ્રજાજનોના ઘર ઘર સુધી પ્રસરેલી બીમારીથી તોબા પોકારી ઉઠ્યા છે. બીજીબાજુ જીલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ, તબીબો અને કર્મચારીઓ દેખાવ પૂરતી કામગીરી કરતા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે.

જીલ્લામાં સ્વાઈન ફ્લૂના અધધ શંકાસ્પદ અને ૭૫થી વધુ સ્વાઈનફ્લુ અસરગ્રસ્ત પોઝીટીવ કેસ નોંધાયા હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થતા જીલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ અને તબીબો સામે તેમની કામગીરી અંગે અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે રંગોત્સવ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે આવેલ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ભુલકાઓ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને આવનાર મહેમાનો વાલીઓના દિલ જીતી લીધા હતા.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ અવરઓન હાઈસ્કુલ ખાતે એક દિવસીય રંગોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી ટી.કે. વાઘેલા, પ્રાંતિજ પીઆઈ કે.બી. પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રમુખ નયનભાઈ દેસાઈ, નગરપાલિકા આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, સંતોષભાઈ કિમતાણી, કેળવણી મંડળના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી, મંડળના સભ્યો નિત્યાનંદભાઈ બ્રહ્મભટ, ભરતભાઈ ફડીયા, જયંતિભાઈ પટેલ, અરવિંદભાઈ કોઠારી, શાળાના આચાર્ય પરેશભાઈ પરમાર, રેખાબેન ગુપ્તા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને દિપપ્રાગટય કરી સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકો દ્વારા મ્યુઝિકલડાન્સ, અભિનય ગીત, દેશભકિત ગીત, ડાન્સ, રાષ્ટ્રીય ગીત, ફિલ્મી ગીત, ગરબા, એક પાત્ર અભિનય સહિત કાર્યક્રમમોમાં ભાગ લઈ બહારથી આવનાર મહેમાનો તથા પ્રેક્ષકો વાલીઓના દિલ જીતી લીધા હતાં અને શાળાના શિક્ષકોની મહેનત તથા બાળકોની અંદર રહેલ કલા અને કલાકારોએ રંગ જમાવ્યો હતો. જયારે આ કાર્યક્રમનું સફળ સંચાલન એલાઉન્સમેન્સ પવનબેન પટેલ, સોનાબેન મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

